ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ઠાકોર પૂર્યા ડાકોરમાં, મંદિર ખૂલશે નહીં!*
*શિવરાત્રી મેળો બંધ, ભવનાથ ભૂલશે નહીં!*
*ઝૂલશે એ સત્તાની ભાંગ પી, માણ્યા ચૂંટણી મેળા -*
*દીધું પ્રજા - મારણ, કોરોના - દીપડો છોડશે નહીં*
*(પ્રજાને ભોગે ચૂંટણી)*

### હાઈકુ

*ભલે મરતાં -*
*વર-કન્યાને ગોર*
*ત્રભાણું ફુલ!*
*(ચૂંટણી પ્રચારનું પરિણામ)*

*યમરાજનો*
*કોરોના-ભેંસ પર -*
*બીજો રાઉન્ડ !!*
*(કોરોના બેફામ બન્યો)*

### ચિંતન

**અપૂર્વ કોઅપિ કોપાગ્નિં સજ્જનસ્ય ખલસ્ય ચ ।**
**એકસ્ય શામ્યતિ સ્નેહાત્ વર્ધતે અન્યસ્ય વારિતઃ ॥**

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

સજ્જન અને દુર્જનના ગુસ્સામાં ક્રોધમાં એક તફાવત જોવા મળે છે. એ તફાવત એવો છે કે સજ્જન જ્યારે ગુસ્સે થાય ત્યારે એને સ્નેહપૂર્વક શાંતિથી સમજાવવામાં આવે તો તેનો ગુસ્સો એકદમ અને તરત શાંત થઈ જાય છે. એ ક્ષમા આપી ને પૂર્વવત્ શાંત થઈ જાય છે. સજ્જન નિખાલસ હૃદયના હોય છે.

દુર્જનને ગુસ્સો આવે ત્યારે કોઈ સ્નેહપૂર્વક, શાંતિથી સમજાવવાનો પ્રયત્ન કરે તો સામેની વ્યક્તિ નબળી છે. એમ માની ને તે વધારે ક્રોધ અને ગુસ્સા અને બળનું પ્રદર્શન કરે છે. એટલે કે એમને જેમ જેમ વારવાના પ્રયત્ન થાય છે તેમ તેમ એ વધારે ક્રોધિત થાય છે. વાસ્તવિક સંસારમાં વિનય, નમ્રતા, શાંત સ્વભાવને પણ લોકો નબળાઈ ગણે છે. એ આજના સમાજની બલિહારી છે. બોલે એનો જ બોર વેચાય છે. અને બળિયા લોકો બંને ભાગ લઈ જાય છે. સૌમ્ય શાંત સ્વભાવના કતારમાં ઊભા રહે છે.

### સુવિચાર

- વળતરની અપેક્ષા જ સંબંધોમાં નડતર બને છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બસ પોતાને સ્પષ્ટ રીતે સમજી લો, બીજાને બદલવાની જરૂર નહીં પડે - **રોહિત શાહ**
- કુછ બાતોં કે મતલબ હૈ, કુછ મતલબ કી બાતેં હૈ,
  બસ યે ફર્ક સમજ લીજીયે તો જિંદગી આસાન હો જાયેગી - **પરવીન સરીન**
- જેમ કામ આવી પડે તેને ઉપાસના સમજી પૂરું કરો - **સ્વામી રામદાસ**
- પ્રેમનો અર્થ છે - નિઃસીમ ત્યાગ - **ભગવતીચરણ વર્મા**
- જેનામાં ત્યાગ છે તે જ પ્રસન્ન છે, બાકી બધા દુઃખનો સામાન છે - **ઉમર ખય્યામ**
- આજનું ઔષધ : પારિજાતના બીજની પેસ્ટ બનાવી હરસની જગ્યાએ લગાડવાથી દર્દમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજાએ એક પ્રધાનને નારાજ થઈ ઊંચા મિનારા પર કેદ કર્યો. ત્યાં જવાનો રસ્તો કષ્ટપ્રદ હતો. કોઈ ખાવાનું ન મોકલવાનો હુકમ હતો. આ મિનાર પરથી કુદીને ભાગી શકાય તેવું ન હતું. જયારે પ્રધાનને તે મિનાર પર લઈ જવાતો હતો. ત્યારે તેના મુખ ઉપર જયારે ચિંતા કે દુઃખનું નામનિશાન ન હતું. એણે એના પત્નીને કહ્યું જો એક રેશમનો અત્યંત પાતળો તાર પણ મને પહોંચાડવામાં આવે તો હું મુક્ત થઈ શકીશ. શું તમે આટલું કામ કરી શકશો?' એની પત્નીએ ઊંચી મિનાર પર રેશમનો પાતળો તાર પહોંચાડવા ઘરના એક વડીલને પૂછ્યું વડીલે કહ્યું, 'ભૃંગ નામના કીડાને પકડો. તેના પગમાં રેશમનો તાર બાંધી દો. અને એની મૂછો ઉપર રાખીને છોડી દો. કામ થશે જ.' એ રાત્રે કીડાને મિનારના પાયામાં મૂક્યો. ભૃંગ કીડો પોતાની જ મૂછ પર ચોપડેલા મધની ગંધથી આકર્ષાઈ ને ધીમે ધીમે મિના પર ચડી ગયો. સવારે ટોચ પર એ કીડો પ્રધાનને મળી ગયો જેના સાથે રેશમનો તાર બાંધેલો હતો. પછી એ તાર સાથે સૂતરની દોરી પહોંચી ગઈ. સૂતરની દોરી પાછળ જાડુ દોરડું મિનાર પર પહોંચાડ્યું. જેના આધારે પ્રધાન મિનારની કેદમાંથી મુક્તિ મેળવી શક્યો. રેશમનો એક પાતળો તાર એના નવજીવનનું કારણ બની ગયો. સાર એ છે કે સૂર્ય સુધી પહોંચા માટે પ્રકાશનું એક કિરણ પર્યાય છે અને આ કિરણ તો કોઈને પહોંચાડવાની જરૂર પણ નથી! દરેકની પાસે એ પહોંચે છે. જે એ કિરણ ને શોધીલે છે. તે સૂર્યને પણ મેળવી જ લે છે.

# કોંગ્રેસનો કાયાકલ્પ કરવાની અનિવાર્યતા

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસ એની પ્રલંબ કારકિર્દીના સૌથી કપરા આકરા તબક્કામાંથી પસાર થઈ રહી છે. લોકસભાની ચૂંટમીને હજી ત્રણ વર્ષની વાર છે પરંતુ એ ગાળા દરમિયાન ભારતીય જનતા પાર્ટી દેશના ખૂણે ખૂણે છવાઈ જવા મરણિયા પ્રયાસ કરશે અને દેશને પૂર્ણપણે 'કોંગ્રેસમુક્ત' કરી દેવાના એના સંકલ્પને ચરિતાર્થ કરવા સામ, દામ, દંડ, ભેદની રાજનીતિ અપનાવશે તે નક્કી છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ હકીકતમાં તો મૂળ કોંગ્રેસમાંથી જ છૂટી પડેલી શાખા છે. મૂળ કોંગ્રેસનાં ત્યાં મૂળિયાં જ ઊખડી ગયા છે. જે થોડાં રાજયોમાં કોંગ્રેસને બેઠી કરી શકાય એવી સ્થિતિ છે એમાં કેરળનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસની જ પ્રશાખા જેવી શરદ પવારના નેતૃત્વ હેઠળની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી હજી પ્રભાવી છે અને પવારની કુનેહના પરિણામે જ મહારાષ્ટ્ર ભાજપના સકંજામાં જતું બચ્યું છે. વિચારધારાની રૂએ ભાજપ કરતાં પણ વિશેષ કટ્ટર હિંદુત્વવાદી શિવસેનાના સુપ્રીમોને પવારની સલાહ મુજબ કોંગ્રેસે સમર્થન આપી સત્તામાં ભાગીદારી કરી છે. રાજસ્થાનમાં 'મધ્યપ્રદેશવાળી' થતાં માંડ અટકાવી શકાઈ હતી. સચીન પાઈલટને આશ્વાસન મળી ગયું હતું કે હવે પછીની ચૂંટણીમાં અશોક ગહલોત કેન્દ્રના રાજકારણમાં હશે એટલે સચીન માટે એમની મંશા પૂરી કરવાની તક રહેશે. ભારતીય જનતા પાર્ટી એમને મુખ્યમંત્રી બનાવવા તૈયાર જ હતી પણ તેઓ પૂરતી સંખ્યામાં ધારાસભ્યોને ખેરવી શક્યા નહોતા. મધ્યપ્રદેશમાં ગ્વાલિયરના ભૂતપૂર્વ રાજવીના સીધા વારસદાર જયોતિરાદિત્ય સિંધિયા મુખ્યમંત્રી ન બની શક્યા. બળવો કર્યા છતાં એમને માત્ર રાજયસભાના સાંસદ બનીને સંતોષ માનવો પડ્યો હતો. લાંબે ગાળે એમને શિવરાજસિંહ ચૌહાણના વિકલ્પ તરીકે જરૂર વિકસાવી શકાય એમ છે, પણ ભારતીય જનતા પાર્ટીના સર્વેસર્વા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ રાજવંશી પરિવારનો સુખદ અનુભવ નથી થયો. રાજસ્થાનનાં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે પોતાની 'સિનિયોરિટી'ના દાવે શરૂઆતમાં તો મોદીના હાથ નીચે કામ કરવામાં પણ હીણપત અનુભવતાં હતાં. કાળક્રમે એમનો ગર્વ ગળી ગયો હોવા છતાં તેઓ હાઈકમાન્ડની ગુડબુકમાંથી દૂર થઈ ગયાં છે. એથી જયારે રાહુલ ગાંધી કાર્યકર્તાઓની સભામાં જયોતિરાદિત્ય સિંધિયા વિશે ઘસાતી વાત કરે છે ત્યારે એમાં તાર્કિક ઔચિત્ય લાગે છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સિંધિયાએ ધીરજ રાખી હોત તો તેઓ જરૂર મધ્યપ્રદેશના મુખ્યમંત્રી બની શક્યા હોત. એમને ભાજપમાં જઈ 'બેક બેન્ચર' બનવાનો આત્મઘાતી માર્ગ જ અપનાવ્યો છે. ભાજપ એમને કયારેય મુખ્યમંત્રી નહીં બનાવે - બલકે મુખ્યમંત્રી બનવું હશે તો એમનો કોંગ્રેસમાં પાછા ફરવું પડશે. સ્વામાની નેતા માટે થૂંકેલું ગળી જવાથી મોટું કોઈ અપમાન ન હોઈ શકે. સિંધિયા ભાગ્યે જ કોંગ્રેસમાં પાછા ફરશે પરંતુ રાહુલ ગાંધી ટૂંક સમયમાં ફરી એકવાર કોંગ્રેસ પ્રમુખ જરૂર બની જશે. દિલ્હી પ્રદેશ કોંગ્રેસે એમને તત્કાળ કોંગ્રેસ પ્રમુખપદ સ્વીકારવા વિનંતી કરી છે. ઔપચારિક ચૂંટણી જૂન, ૨૦૨૧માં થવાની છે, પરંતુ કોંગ્રેસને રાહુલ જેવા ડાઈનેમિક યુવા નેતૃત્વની ખાસ જરૂર છે - વિશેષ પણે આ ચાર રાજયોની વિધાનસભાની ચૂંટણી સંદર્ભે કોંગ્રેસ ગાંધી પરિવારના નેતૃત્વને નકારી શકે એવી સ્થિતિમાં નથી. જો કે રાહુલ ગાંધી જ આજકાલ કોંગ્રેસના સર્વોચ્ચ નેતા તરીકે અત્ર-તત્ર-સર્વત્ર દેખાતા રહે છે અને લોકમાનસમાં પણ કોંગ્રેસી કાર્યકર્તાઓની જેમ કોંગ્રેસનું રાષ્ટ્રીય નેતૃત્વ કરી શકે એવો બીજો કોઈ ચહેરો દૂર દૂર સુધી દેખાતો નથી. રાહુલ - જેવા છે તેવા - કોંગ્રેસના એકમાત્ર આશાદીપ છે.

# મારા ભોળા શંભુએ જે વાત શિકારીને સમજાવી તે બધાએ સમજવા જેવી છે



**નવાં કલેવર**

નટવર હેડાઉ

ઓમ નમઃ શિવાય... મહાદેવ હર.. શિવશંકર ભાઈ અકળાયેલા હતા. તેમને મંદિર જવું હતું.

'હજુ પિનાકીન કેમ ન આવ્યો? તેણે કીધેલું કે જરા વહેલાં ઉઠીને જજે. બજારમાં ફૂલવાળાને ત્યાંથી કરેણના ફૂલ અને બિલિપત્ર લાવવામાં આટલી વાર હોય!'

'શું થયું ? કેમ આટલા ગુસ્સામાં છો.' પાર્વતીએ પૂછ્યું.

'આ તારો પિનાકિન બિલકુલ બે જવાબદાર છે. ન્હાઈ ધોઈને ક્યારનો હું તો તૈયાર થઈ ગયો છું. તેને એટલી પણ ખબર નથી કે આજ શિવરાત્રી છે. જરા વહેલો ઉઠીને ગયો હોત તો? હવે બિલિપત્ર નહીં મળે તો હું પૂજા કઈ રીતે કરીશ.દૂધની લોટીને ઓટલા પર મુકી પંચીયું ઠીક કરતાં શિવશંકરે કહ્યું.'

'પણ તમે આજ ત્રિપુંડ તો કર્યું જ નથી.' પાર્વતીએ યાદ અપાવ્યું એટલે તેમણે ઓરડામાં જઈ અરીસાના સામે જોયું. ત્રિપુંડ કરી એ બહાર આવ્યા ત્યાં સુધીમાં પિનાકીન સામેથી બાઈક લઈને આવતો દેખાતો. તેને જોતાં જ શિવશંકરભાઈનું ત્રીજું નેત્ર ખુલી ગયું હોય તેમ ક્રોધમાં રાતાપીળા થતાં બોલ્યા.

'તને કંઈ ભાન છે કે નહીં.. કેટલું મોડું કર્યું'

'પપ્પા, બધે ફર્યા પણ કયાંક બિલિપત્ર મળતાં જ ન હતા.' પિનાકીને ચોખવટ કરી.

'ભઈલા, મોડા જઈએ તો એવું જ થાય. વે તું કહે શું કરી આવ્યો.'

'બિલિપત્ર લઈને આવ્યો છું?'

'અરે, વાહ પણ આટલીબધી વાર કેમ થઈ.' બિલિપત્રને જોતાં ભોળીયા શંભુની જેમ શિવશંકરભાઈનો ગુસ્સો શમી ગયો. તેમના ચહેરા પર તાજગી આવી ગઈ.

'કયાંથી લાવ્યો?'

ગામને પાદરે ગણેશભાઈની વાડી છે ત્યાંથી મળી ગયાં. મને મારા મિત્ર કાર્તિકે કહ્યું કે ત્યાં નર્સરી બનાવી છે. તુલસી, બિલિ, ચંદન,આસોપાલવ જેવાં વૃક્ષોના રોપા ગણેશભાઈ તૈયાર કરે છે અને ઉછેરવાની શરતે વિનામુલ્યે આપે છે.

'વાહ! આ તો બહું સારું કહેવાય. પણ તો પછી આટલાં જ બિલિપત્ર કેમ લાવ્યો. થોડાં વધારે લઈ આવવાં હતાં ને.' શિવશંકરભાઈએ કચવાટ સાથે કહ્યું.

તેમણે આપવાની ના પાડી. હાં, પણ મને બે રોપ આપ્યા છે. તેમણે મને શિવરાત્રીની કથાની યાદ દેવડાવી. એક શિકારી તેને શિકાર ન મળવાથી આખી રાત બિલિનાં ઝાડ પર બેસી રહ્યો અને કંટાળીને પાંદડાં તોડી નીચે ફેંકતો હતો. તે વૃક્ષની નીચે શિવલિંગ હતું. હવે બન્યું એવું કે આખી રાત બેસી રહેવા છતાં તેને શિકાર તો ન મળ્યો પણ મહાદેવજી પ્રસન્ન થયા.' પિનાકિને વાત કહી.

'હા, આ કથા તો જાણીતી છે. તેમાં નવું શું કહ્યું. શિવશંકરભાઈ બોલ્યાં.'

તેણે શિકારીને સમજાવ્યું કે જીવ હિંસાએ પાપ છે. વનસ્પતિમાં પણ જીવ છે અને આ પાંદડા તો વૃક્ષ માટે ખોરાક બનાવે છે. તેનો નાશ એટલે વૃક્ષનો નાશ. મારી પૂજા બે બિલિપત્રથી પણ થઈ શકે. પણ આ ભક્તો મારા પર બિલિપત્રનો ઢગલો કરી મને ગુંગળાવી દે છે. તેઓ કયારેક એક બિલિનું ઝાડ તો ઉછેરતા નથી. પણ જે હોય તેનો પણ આ રીતે નાશ કરે છે તેથી હું પ્રસન્ન કઈ રીતે થાઉં.'

'વાત, તો સાચી છે હોં ! મારા ભોળા શંભુએ જે વાત શિકારીને સમજાવી તે બધાએ સમજવા જેવી છે.' શિવશંકરભાઈએ કહ્યું.

'હા, પપ્પા મને પણ એ વાત ગમી, હું તમારી સાથે આવું છું. આ બિલિપત્રના છોડમાંથી એક મંદિરે અને બીજો આપણે ઘેર ઊંછેરીશું. કદાચ શિવજીને એજ વધુ ગમશે.'

# સહદેવની વ્યથા કદાચ આપણાં સૌની વ્યથા છે

*(વિચારબીજ : પિનાકીન બ્રહ્મભટ્ટ, અમદાવાદ)*

મહર્ષિ વેદવ્યાસ રચિત મહાકાવ્ય મહાભારતનું એક ઓછું ઓળખાયેલું અને વણખેડાયેલું છતાં મહત્વનું પાત્ર એટલે પાંડુપુત્ર સહદેવનું પાત્ર. આપણે સૌ જાણીએ છીએ કે માદ્રીપુત્ર સહદેવ ત્રિકાળજ્ઞાની હતા. દક્ષિણ ભારત કે જ્યાં મહાભારતકાળમાં સહદેવનું રાજ્ય હતું તે વિસ્તારની લોકકથાઓ મુજબ સહદેવે પોતાના પિતાશ્રી આદેશને અનુસરીને પાંડુનાં મૃત શરીરનાં કેટલાક અંગો આરોગ્યા હતા જેના ફળ સ્વરૂપે તેને ત્રિકાળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

સહદેવ ત્રિકાળજ્ઞાની હતા તેને કારણે તેમને ભૂત અને વર્તમાનનું તો જ્ઞાન હતું જ પણ સાથેસાથે તેમને ભવિષ્યમાં બનનારી ધટનાઓનું પણ અગાઉથી જ્ઞાન થઈ જતું હતું. એવું કહેવાય છે કે ભવિષ્યમાં બનનારી ધટનાઓ સહદેવને પોતાની દ્રષ્ટી સામે દ્રશ્યમાન થઈ જતી હતી.

સહદેવને પ્રાપ્ત થયેલી આ પ્રકારની ત્રિકાળજ્ઞાનની શકિતને કારણે સ્વભાવિક છે કે તેમનાં પોતાનાં જીવનમાં બનનારી અને પોતાનાં કુળમાં એટલે કે પાંડવકુળમાં બનનારી ભવિષ્યની ધટનાઓનું જ્ઞાન થઈ જતું જ હોય. પાંડવો જ્યારે કૌરવો સાથે ધૂત ખેલવા ગયા ત્યારે સહદેવને એ જ્ઞાન થઈ જ ગયું હશે કે એ ધૂતમાં પાંડવો બુરે હાલ હારશે અને યુધીષ્ઠીર પોતાનાં ભાઈઓ તથા પત્નિ દ્રૌપદીને પણ હોડમાં મૂકશે અને દ્રૌપદીનું ચીરહરણ પણ થશે. એવી જ રીતે મહાભારતનાં યુધ્ધ પહેલા સહદેવને એ જ્ઞાન થઈ જ ગયું હશે કે મહાભારતનું યુધ્ધ એક મહાવિનાશક યુધ્ધ સાબિત થશે જેમાં પાંડવો અને કૌરવો એમ બંને પક્ષે મોટી ખૂંવારી થશે અને બંને કુટુંબનાં મોટાભાગનાં સ્નેહીઓ, મિત્રો, સંબંધીઓ અને આપ્તજનો મૃત્યુને ભેટશે. આ જ રીતે પોતાનાં જીવનમાં આવી પડેલા બધાં જ દુઃખોનું જ્ઞાન સહદેવને અગાઉથી થઈ ગયું હશે, આમ છતાં સહદેવે ના ક્યારેય કોઈને ટોકયા કે ના ક્યારેય કોઈને રોક્યા. તેમણે નિયતિને જે માન્ય હતું તેને હંમેશ માટે સ્વિકારી લીધું.

પોતાને પ્રાપ્ત થયેલા ત્રિકાળજ્ઞાન થકી પોતાની પત્નિનાં ભરસભામાં થતાં ચિરહરણના દશ્યનું ભવિષ્ય ભાખીને સહદેવને કેવી વેદના થઈ હશે? મહાભારત યુધ્ધની વિભીષિકાને પોતાની નજર સમક્ષ વર્ષો પહેલા જોઈને સહદેવનું હદય હચમચી નહીં ગયું હોય? બારબાર વર્ષનો પાંડવોનો વનવાસ, એ વનવાસ દરમ્યાન વેઠેલા દુઃખ અને એક વર્ષનાં અજ્ઞાતવાસ દરમ્યાન વેઠેલી પીડાને ત્રિકાળજ્ઞાન થકી અગાઉથી અનુભવીને સહદેવને કેવી પીડા થઈ હશે?

ત્રિકાળજ્ઞાન પ્રાપ્ત કરીને સહદેવને તો એકએક પીડા બે વખત વેઠવી પડી હતી. પહેલી વખત ત્યારે પીડા વેઠી હશે કે જ્યારે તે ત્રિકાળજ્ઞાન દ્વારા ભવિષ્યને નજર સમક્ષ જોતાં હશે. બીજી વખત ત્યારે કે જ્યારે વાસ્તવિક રીતે એ પીડા જીવનમાં આવી પડી હશે. બે વખત વેઠેલી એ પીડામાંથી સહદેવને કઈ પીડા વધારે અસહ્ય લાગી હશે એ તો સહદેવ પોતે જ જાણે.

દક્ષિણભારતમાં એક વાયકા એવી પણ છે કે પોતાનાં મૃત પિતા પાંડુનાં કેટલાક અંગને ખાધા પછી સહદેવને ત્રિકાળજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે શ્રીકૃષ્ણ અને સહદેવ એકવીજા પ્રત્યે વચનબધ્ધ થયા હતા. સહદેવ એ રીતે વચનબધ્ધ થાય હતા કે પોતાને ભલે ત્રિકાલજ્ઞાન હોય આમ છતાં કોઈનાં પૂછ્યા વિના સહદેવે કોઈને પણ ભવિષ્ય વિષે કહેવું નહિ. શ્રીકૃષ્ણ એ રીતે વચનબદ્ધ થયા હતા કે પોતે સદાયને માટે પાંડવોને સાથ આપશે તથા પાંચ પાંડવોમાંથી કોઈપણ એકનું મૃત્યુ થાય તો કૃષ્ણે પોતે પણ પોતાન મૃત્યુને સ્વિકારી લેવું. સહદેવની આ એક બીજી વ્યથા હતી. પોતે બધુ જાણતા હોવા છતાં કોઈને કશું જ કહી ન શકે. પોતે ભવિષ્યમાં થનારા મહાવિનાશને નજરે જોતાં હોવા છતાં કોઈને સચેત કે સાવચેત ન કરી શકે, કોઈને પોતે અટકાવી ન શકે તેની એવી પીડા જેવી બીજી કઈ પીડા હોય શકે?

સહદેવની વ્યથા એ કદાચ આજે આપણાં સૌની વ્યથા છે. સહદેવે એકસોને પાંચ વર્ષનાં પોતાના આયુષ્ય દરમ્યાન જે પીડા ભોગવી હતી એવી જ પીડા આપણે સૌ વત્તે-ઓછે અંશે એક નહિ તો બીજી રીતે ભોગવી રહ્યા છીએ.



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

આપણાં આપ્તજનો, મિત્રો, સ્નેહીઓ સંબંધીઓ કે સહકર્મચારીઓ પોતપોતાની રીતે ઘણાબધા સાચા ખોટા કાર્યો કરતાં રહેતા હોય છે. એ કાર્યોના પરિણામ શું આવશે તેનો આપણને આપણાં અનુભવોમાં આધારે ઘણીવાર અંદાજ આવી જતો હોય છે. એ કાર્યો ખોટા છે એવું આપણે જાણતા હોવા છતાં, એ કાર્યોના પરિણામો સારા નહીં આવે એવી આપણને ખાતરી હોવા છતાં આપણે તેઓને અટકાવી શકતા નથી, તેઓને કશું જ કહી શકતા નથી. ખાસ કરીને આપણાં અંગતજનો કે કુટુંબીજનો જ્યારે પોતાના અજ્ઞાનને કારણે, પોતાને અનુભવ ન હોવાને કારણે, પરિણામોથી ચિંતા ન કરવાને કારણે, જે થાય તે જોયું જશે એવા અભિગમને કારણે, પોતાની સ્વચ્છંદતાને કારણે કેટલાક ખોટા નિર્ણયો લઈ લેતા હોય છે. એ નિર્ણયો કૌટુંબિક હોય શકે, સામાજીક હોય શકે, કે વ્યાવસાયિક પણ હોય શકે. છતાં એક વડીલ તરીકે અથવા તો એક બુધ્ધીજીવી કે અનુભવી વ્યક્તિ તરીકે એ લોકોએ લીધેલા નિર્ણયોનાં નજીકનાં કે લાંબા સમયે ખરાબ પરિણામો આવી શકે છે એવા અંદેશાઓ આપણને સહદેવની જેમ આવી જતાં હોય છે. આમ છતાં, સહદેવની જેમ માત્ર મૂંગા મંતર બનીને એ લોકોનાં તમાશાને આપણે લાચાર બનીને ના તો તેમણે ટોકી શકીએ છીએ ના તો તેમને રોકી શકીએ છીએ.

કોઈનાં પૂછ્યા વિના કોઈને ન કહેવા માટે સહદેવતો કદાચ કૃષ્ણ સાથે વચનબધ્ધ થયા હતા પણ આપણે સૌ કોની સાથે વચનબધ્ધ થયા છીએ? આપણે શા માટે ચૂપ રહીએ છીએ? આપણે કદાચ ચૂપ એટલા માટે રહીએ છીએ કે ક્યારેક લાગણીઓમાં તણાઈ જઈ છીએ, ક્યારેક હિંમત નથી કરી શકતા, ક્યારેક અપમાન કે અવમાન થવાની ભીતીને હોય છે. ક્યારેક સંબંધો બગડશે એવો ભય હોય છે અને આપણે આવો અભિગમ અપનાવતા હોઈએ છીએ અને સહદેવની જેમ પીડા ભોગવતા રહીએ છીએ.

પાંડવોએ પોતાન જીવનકાળ દરમ્યાન જે કઈ નાના-મોટા નિર્ણયો લીધા તેના વિષે ભાગ્યે જ સહદેવે પોતાનું મંતવ્ય આપ્યું હતું. કદાચ આપણે પણ એ જ હાલતમાં જીવીએ છીએ. સહદદેવની જેમ મૂંગા રહેવાને બદલે આ પ્રકારના સંજોગોમાં કુટુંબના એક સભ્ય તરીકે, એક વડીલ તરીકે, એક જવાબદાર વ્યક્તિ તરીકે આપણે હિમ્મત કરીને, કેટલાક જોખમો લઈ પણ આપણને જે કી ભવિષ્ય દેખાતું હોય તેને અભિવ્યક્ત કરીએ તો આપણાં સ્નેહીજનો ભવિષયમાં આવનાર આપત્તિમાંથી બચી જાય.

આપણાં સૌની એ ફરજ છે, આપણી એ ભૂમિકા છે જે ભજવવી જ રહી.

# એક કથા કપળા કાળની - કોરોના કાંડ

છેલ્લા એક વરસ દરમ્યાન કોરોનાના વાયરસે સમગ્ર જગતમાં જે કાળો કેર વર્તાવ્યો છે તેને આ સમયમાં જીવનારા કદી ભૂલી શકશે નહીં. આ સમયે આપણને અસંખ્ય મૃત્યુ આપ્યાં, બેરોજગારી આપી, ફરજીયાત એકલતા આપી, પળ પળ વધતી જતી દહેશત આપી. એની યાદો પણ જીવને ધ્રુજાવી દે છે. આ સમયે વેદના તો આપી સાથોસાથ કેટલીક સારી વસ્તુઓની ભેટ પણ આપી. પર્યાવરણને ફાયદો થયો, માણસ માત્રનો અહંકાર ઉતર્યો, બાળકોને માતાપિતા-દાદાદાદીનો ચોવીસ કલાકનો સહવાસ આપ્યો. સાહિત્ય રસિકોને તો લહેર પડી ગઈ. ક્યારનાય વંચાયા વગરનાં પડી રહેલાં પુસ્તકો એક પછી એક વંચાવા માંડ્યાં. ઓનલાઈન કવિસંમેલનો શરુ થયાં. અમારી સાહિત્યસભાની બેઠકમાં કદીયે મોઢું નહીં બતાડનારા કવિઓ પડદા પર હોંશેહોંશે કવિતાઓ રટવા માંડ્યા. અમારા નવલકથાકાર શ્રી કેશુભાઈ દેસાઈએ " કોરોના કાંડ" નામની નવલકથા લખી. બીજા પ્રસિધ્ધ નવલકથાકાર શ્રી મોહનભાઈ પરમારે "કાળપાશ" નવલકથા લખી. શ્રી કલ્પેશભાઈ પટેલે "ઉર્ધ્વલોક " નવલકથા આપી. બીજી પણ અનેક નવલકથાઓ લખાણી હશે. કોરોનાકાળમાં નવલિકાઓ તો હદ વગરની લખાણી હશે. અરે, તમે નહીં માનો મેં પોતે ત્રણ વાર્તાઓ ફટકારી દીધી છે !

પણ આજે મારે શ્રી કેશુભાઈ દેસાઈની નવલકથા" કોરોના કાંડ" વિશે થોડીક વાતો કરવી છે. કેશુભાઈ આપણા પ્રસિધ્ધ નવકથાકાર છે. તેમની નવલકથાઓને વાચકો સુધી પહોંચાડવા માટે ભવ્ય વિમોચન સમારંભોની જરુર પડતી નથી. આવા લેખક સાંપ્રત સમયની ઘટનાઓ વિશે નવલકથા માંડે તો કેવી નવલકથા લખાય, તે જોવા માટે પણ આ નવલકથા વાંચવી જોઈએ. નવલકથાની શરુઆત જ આપણને એના પાશમાં જકડી લે છે.

"એ દોઢ કલાકથી બસ સ્ટેંડ ઉપર ઊભો હતો. વહેલી સવારે સાડાપાંચ વાગ્યે લેંડ થતી, એર ઈંડિયાની ફલાઈટમાં સ્વીટુ આવી રહી છે.સવારની પોણાચાર કે સવાચારની સીટીબસ મળી જાય તો રિક્ષા ન કરવી પડે અને સમયસર એરપોર્ટ પહોંચી શકાય. જેસંગને રોજેરોજ સમયસર આવતી સીટીબસ લેટ પડી એથી ઉચાટ થઈ રહ્યો હતો."

જેસંગ આ નવલકથાનો નાયક છે. તેનું આખું નામ જેસંગ રણછોડ ચૌધરી છે. પણ એની બાળસખી સ્વીટુ એને જિતુ કહીને બોલાવે છે. સ્વીટુનું મૂળ નામ સવિતા છે. તે વડોદરામાંથી એમડી થઈને અમેરિકામાં સેટ થઈ છે. અમેરિકાના પ્રેસિડેંટની પત્નિની ગાયનેક ડોક્ટર છે. જેસંગ ભણવામાં આખા ગામમાં અવ્વલ હતો પણ કરમસંજોગે પોતાની કક્ષા મુજબનું ભણી શક્યો નથી. એ ગાંધીનગરમાં સેટ થયો છે. તેમના સમાજમાં સાટા પધ્ધતિથી લગ્ન થતાં હતાં. જેસંગ રુડો રૂપાળો અને હોશિયાર હોવા છતાં તેના પિતા સામી છોકરી આપી શક્યા ના હોવાથી કુંવારો રહી ગયો છે. સવિતા સાથે બાળપણમાં લાડોલાડીની રમતો રમ્યો છે. બંને એકબીજાને બચપણમાં ગમતાં હતાં એટલાં જ સિત્તેર વર્ષની વયે પણ ગમે છે. સવિતાએ અમેરિકામાં જોનસન સાથે લગ્ન કરેલાં. પણ જોનસન કાળિયાઓની લૂંટફાટમાં ભરયુવાનીમાં માર્યો ગયો. એક પુત્ર છે, શિશુપાલ. તે પત્નિની સોડમાં ભરાઈ ગયો છે. એક પુત્રી રિવા દત્તક લીધેલી છે. તે સવિતાને ખુબ પ્રેમ કરે છે. પણ છેક કેલિફોર્નિયામાં છે. અમેરિકામાં એકલવાયી જિંદગી કંટાળીને એકદિવસ સવિતા ભારત આવવાનું નક્કી કરે છે. એનો ઈરાદો બેત્રણ મહિના જેસંગ સાથે રહેવાનો છે. જેસંગ પણ જીવનભરની એકલતાથી બરાબરનો થાક્યો છે. તે સવિતાના આગમનના સમાચારથી રાજી રાજી થઈ જાય છે. સવિતા ઉર્ફે સ્વીટુને ગાંધીનગરના ઘરમાં ગમે તે માટે મકાનનું રંગરોગાન કરાવે છે. નવી સગવડો ઊભી કરે છે.

સવિતાના આગમનની આગળની રાતે મકાનના શણગારને છેલ્લો ઓપ આપી, સવારે વહેલા ઊઠવાનું હોવાથી સ્વીટુના નામનું પ્લેકાર્ડ બનાવી જૂની ફિલ્મોના ગીતો સાંભળતા સાંભળતાં જેસંગ મીઠી નિંદરમાં પોઢી જાય છે. આ ઉધમાતમાં તે રાતે વડાપ્રધાને આપેલા પ્રવચનને એ ચૂકી જાય છે. દેશભરમાં લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી. વિમાનો, ટ્રેનો બસો બધ્ધું જ બંધ થઈ ગયું હતું. એટલે પેલી રોજ આવતી સીટીબસ ક્યાંથી આવે ? એથી એને ઉચાટ થઈ રહ્યો હતો.



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

બસ આ ઉચાટ પછી આખી નવલકથામાં પ્રસરતો રહે છે. સામે પક્ષે પણ ઉચાટ ઊભો થાય છે. સવિતાને વિમાનમાંથી ઉતર્યા પછી તરત જ કોરેંટાઈન કરી દેવામાં આવે છે. તે ડોક્ટરો વચ્ચે ફસાય છે. બંને પક્ષે હોઠે આવેલો પ્યાલો ઝૂંટવાઈ જાય છે. વધુમાં ચારેબાજુ ફેલાય છે કોરોનાનો કેર. જેસંગનાં પાડોશીઓ પાડોશી મટીને દૂશ્મન જેવાં થઈ જાય છે. સવિતાને દાકતરો દૈત્ય જેવા લાગે છે. એક એક રાત કાળરાત્રિની જેમ પસાર થાય છે. થાળીઓ વગાડવાની અને દીવડા પ્રગટાવવાની ઘટનાઓ બનતી રહે છે. પણ તેનાથી ઉચાટ ઘટવાને બદલે વધતો રહે છે. આ બધાંની જેસંગના માનસ પર વિપરીત અસર થાય છે.

લેખક મેડિકલ લાઈનના ડોક્ટર છે, મહાનિબંધ લખીને બનેલા ડોક્ટર નથી. તેઓ માનવમનને ઝીણવટપૂર્વક અને ઊંડેથી તપાસી શકે છે. એકલતા એમણે સ્વયં સહન કરેલી છે. આ બધી વસ્તુઓનો તેમણે આ નવલમાં કુશળતાથી ઉપયોગ કર્યો છે. જેસંગ ચૌધરીની માનસિક દશા ક્રમશઃ જે રીતે બગડતી જાય છે તેનું અદભુત કહી શકાય તેવું વર્ણન કેશુભાઈએ કર્યું છે. લોકડાઉનના તાણથી આવી દશા ઘણા માણસોની થઈ હશે એ આ નવલકથા વાંચ્યા બાદ સમજાય છે.

બીજી નોંધપાત્ર ચીજ છે આ નવલકથાની બળકટ ભાષા. છેલ્લે મેં શ્રી ઉજમશીભાઈ પરમારની " જનમારો" નવલકથામાં આટલા ધોધમાર આવતા રુઢીપ્રયોગો અને કહેવતોનો પ્રવાહ માણ્યો હતો. શ્રી કેશુભાઈએ મહેસાણાના ચૌધરીઓની ભાષાનો બહુ સફળતાથી અહીં ઉપયોગ કર્યો છે. સડસડાટ વહેતી નદીની જેમ નવલકથા ચાલ્યે જાય છે. ક્યાંય દુર્બોધ લખાણ ડોકિયું પણ કરી શકતું નથી. તેમ છતાં જેસંગ અને સવિતા બંને બાળમિત્રોના એકલવાયા જીવનનો સુપેરે પરિચય મળે છે. છેલ્લે બંને સમદુખિયા જીવોના જીવનમાં આવતા આઘાતો પણ વિગતવાર આલેખવામાં આવ્યા છે. શ્યામ બેનેગલના ચલચિત્રમાં આવે છે તેવા અંત આગળ લેખક આપણને મૂકીને આઘા જતા રહે છે.

સાંપ્રતકાળની એક સરસ નવલકથા આપવા માટે આપણે શ્રી કેશુભાઈના આભારી છીએ.

-ranchhod15653@ gmail.com